***પરચુરણ અરજી નં.૪૧૧૦/૨૦૧૮.***

***FILE NO.DRI/AZU/INV-19/2010 ના કામે આરોપી– પ્રતિક જીંદાલની આંક–૧ ની વિદેશ જવાની પરવાનગી માગતી અરજી નીચે હુકમ***

(૧) અરજદાર/આરોપીની અરજીની હકીકત મુજબ તેઓને આ કામે તારીખ ૨૦/૪/૨૦૧૧ ના રોજ અટક કરવામાં આવેલા અને ત્યારબાદ આ કોર્ટે શરતો આધિન તેઓને જામીન મુકત કરેલ છે. તેમજ જામીન મુકતીના હુકમમાં જણાવેલ શરતો મુજબ અરજદારે તેઓનો પાસપોર્ટ નં. એફ. ૦૫૬૬૦૫૧ કોર્ટમાં જમા કરાવેલો. વિશેષમાં અરજીની હકીકત મુજબ અરજદાર મેસર્સ ગોરાલાલ આર્યા ઈમ્પેક્ષ પ્રાઈવેટ લિમિટેડ ( જે એક્ષપોર્ટ–ઈમ્પોર્ટ કરતી કપંની) નામની કંપનીમાં ડિરેકટર છે અને તેઓનો મહત્તમ ધંધો બહારના દેશો સાથે સંકળાયેલ છે. અરજદારને અવાર–નવાર ધંધાકિય કામકાજ અર્થે વિદેશની કંપનીઓ સાથે મિટિંગ કરવા તેમજ ઓર્ડર લેવા વિદેશમાં,શ્રીલંકા, દુબઈ, યુ.એ.ઈ. મલેશિયા,સ્વીટઝર્લેન્ડ તેમજ અન્ય ઘણા બધા દેશોમાં નિયમિત જવાનું થાય છે. તેઓ અગાઉ પણ નામદાર કોર્ટની પરવાનગી મેળવી ઘણી વખત વિદેશ જઈ પરત આવેલ છે અને નામદાર કોર્ટ ધ્વારા મૂકવામાં આવેલ શરતોનું પાલન કરેલ છે અને પરત આવી તેઓનો પાસપોર્ટ અદાલતમાં જમા કરાવી દીધેલ છે. વિશેષમાં અરજીની હકીકત મુજબ તેઓ પાસેપાસપોર્ટ ના હોવાથી ધંધાકીય કાર્યવાહી ઉપર અસર પડે છે અને ધંધામાં આર્થિક નુકસાન થાય છે. તેઓ અરજદાર ભારતીય નાગરિક છે અને ભારતમાં કુંટુંબ તથા વ્યવસાય ધરાવે છે અને નાસીભાગ જાય તેમ નથી તેથી ધંધાકીય કામકાજ અર્થે વિદેશ જવા સારું તેઓને એક વર્ષ માટે પાસપોર્ટ પરત આપવા તથા વિદેશ જવાની

પરવાનગી આપવા અરજ કરેલ છે અને તેઓ કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરશે એવી ખાત્રી આપે છે.

(૨) ફરિયાદપક્ષે સ્પે. પ્રોસીકયુટર શ્રી એસ.કે. ગુપ્તા હાજર થયેલ છે. પરંતુ તેઓ તરફે કોઈ સોગંદનામું રજુ કરવામાં આવેલ નથી.

(૩) આરોપી/અરજદારના વિ.વકીલશ્રી તરફથી એવી રજુઆત કરવામા આવેલ છે કે આ અગાઉ તેઓને શરતોઆધિન પાસપોર્ટ પરત કરવામાં આવેલ હતો અને વિદેશ જવાની પરવાનગી નામદાર કોર્ટ ધ્વારા આપવામા આવેલ હતી. તે દરમ્યાન તેઓએ તમામ શરતોનું પાલન કરેલ છે અને સમય મર્યાદામાં ભારત પરત આવી તેઓનો પાસપોર્ટ અદાલતમા જમા કરાવી દીધેલ છે. તેઓનો ધંધો વ્યવસાય પરદેશ સાથે સંકળાયેલ છે આથી તેઓને હાલ ધંધાને લગતા ઓર્ડરો લેવા તેમજ ધંધા અર્થે મીટીંગો કરવા માટે પરદેશ જવાની જરુરીયાત ઉભી થયેલ છે. આમ તેઓએ આરોપીને શરતો આધિન પાસપોર્ટ પરત કરવા તથા એક વર્ષ માટે વિદેશ જવા માટે પરવાનગી આપવા અરજ ગુજારેલ છે અને નામદાર કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું તેઓ ચુસ્તપણે પાલન કરશે તેમ જણાવેલ છે.

(૪) આ કામે આરોપી વિરુધ્ધ કસ્ટમ એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોઈ તા. ૨૦/૪/૨૦૧૧ ના રોજ અટક કરવામાં આવેલ અને આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવામાં આવેલ છે. આરોપીએ રજૂ કરેલ અરજીની હકીકતો, અરજદારે તેઓ પરદેશના ધંધા

સાથે સંકળાયેલ છે તે બતાવવા રજુ કરેલ યુનાઈટેડ એગ્રો ડીએમસીસી નામનું ટ્રેડીગ લાયસન્સ તથા પાસપોર્ટની નકલ રજૂ કરેલ છે તે વંચાણે લીધું. કેસ પેપર્સ વંચાણે લેતાં અગાઉ અરજદારને આપેલ પરવાનગી અને તેમાં ફરમાવેલ શરતોનું અરજદારે પાલન કરેલ છે તે હકીકત ઘ્યાને લેતાં તથા આરોપી તરફથી શરતોનો ભંગ કરેલ હોય તેવો કેસ નથી કે, આરોપી સામે આજસુઘી ફરિયાદ દાખલ થયેલ નથી. વિશેષમાં આરોપી લાંબા સમયથી વિદેશ સાથે ધંધો કરતા આવેલ છે અને ધંધાકીય હેતુસર તેઓને વારંવાર પરદેશ જવાની જરુરીયાત ઉભી થાય છે. આરોપી ધંધાર્થે કામચલાઉ સમય માટે વિદેશ જવા માંગે છે. આરોપીની ગતિવિઘી ઉપર નિયંત્રણ મુકી શકાય નહિ અને ખાસ કરીને જયારે આરોપી તેઓના રોજગાર માટે વિદેશ જવા ઈચ્છતા હોય ત્યારે શરતો આધીન પરવાનગી આપી શકાય. અરજદાર/આરોપીએ ધંધાકીય હેતું માટે એક વર્ષના સમય માટે પાસપોર્ટ પરત મેળવવા તથા વિદેશ જવા પરવાનગી માગેલ છે. પરંતુ ધંધા અંગેની કોઈ મીટીગ કે ઓર્ડર માટેનો સમય કે સ્થળ અંગેની હકીકત દર્શાવેલ નથી અને તે અંગે અરજી સ્પષ્ટ નથી, પરંતુ તે અંગે શરતોને આધીન પરવાનગી આપી શકાય તેમજ આરોપીએ શરતોનું પાલન કરવા ખાત્રી આપેલ છે. આથી અરજદાર/આરોપીએ જે એક વર્ષ માટે પાસપોર્ટ પરત કરી વિદેશ જવાની પરવાનગી માગેલ છે જે પરવાનગી આપવી ન્યાયોચિત જણાય છે. આમ તમામ સંજોગો ઘ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ :–</u>**

અરજદાર/આરોપીની અરજી મંજૂર કરવામાં આવે છે.

અરજદાર પ્રતિક સુભાષ જિંદાલને તેઓનો પાસપોર્ટ હુકમથી તારીખથી એક વર્ષના સમય ગાળા માટે પરત આપવાનો અને ઉપરોકત સમય દરમ્યાન અરજદારને નીચે જણાવેલ શરતોએ વિદેશ જવા માટે પરવાનગી આપવામાં આવે છે.

**<u>શ ર તો:–</u>**

(૧) અરજદાર/આરોપીએ રૂા. ૧,૦૦,૦૦૦/– રોકડા ડીપોઝીટ તરીકે નામદાર કોર્ટમાં જમા કરાવવા.

(૨) અરજદારે રૂા. ૧,૦૦,૦૦૦/– ના જામીન તથા એટલી જ રકમના જાતમુચરકા કોર્ટમા રજુ કરવા વિકલ્પે તેમના અગાઉના જામીનદારને કોર્ટમાં હાજર રાખી તેઓ અરજદારના આ સમય માટે જામીન તરીકે રહેવા ખુશી છે તેવી પુરસીસ અપાવવી.

(૩) અરજદાર વિદેશ ખાતે જયાં રહેવાના હોય ત્યાંનુ પુરેપુરુ સરનામું ફોન નંબર સહીતની વિગતો સાથેનું સોગંદનામું નામદાર કોર્ટમાં રજુ કરવું. તથા તેની એક નકલ ડીપાર્ટમેન્ટમાં આપવી.

(૪) અરજદારે અરજીમાં જણાવ્યા સિવાયના બીજા કોઈ દેશમાં જવા માટે પાસપોર્ટનો ઉપયોગ કરવો નહિ અને જો બીજા દેશમાં જવા માટે પાસપોર્ટનો ઉપયોગ કરવામાંઆવશે તો આરોપીએ પાસપોર્ટના હુકમમાં ડીપોઝીટ કરાવેલ રકમ સરકાર જમા કરવાનો હુકમ

કરવામાં આવશે.

(૫) અરજદારે આ સમય દરમ્યાન વિદેશ પ્રવાસ પૂર્ણ કરી સમય મર્યાદામાં પરત આવી દિન–૭ માં પોતાનો પાસપોર્ટ અદાલતમાં ફરીથી જમા કરાવવો .

(૬) ઉપરોકત સમય દરમ્યાન માં આરોપીએ માંદગી સહીતના અન્ય કોઈપણ કારણસર એક્ષટેન્શન નીમાંગણી કરવી નહિ.

(૭) આ સમય દરમ્યાન અરજદાર/આરોપી સામે ફરીયાદ થાય તો તેના સમન્સ તેમના વકીલ શ્રીને બજાવવામાં આવશે અને તે યોગ્ય રીતે અરજદાર/આરોપીને બજેલ છે તે મતલબની પુરસીસ અરજદારે અદાલતમાં પાસપોર્ટ લેતાં પહેલાં રજુ કરવી.

(૮) અરજદાર/આરોપીએ વિદેશ પ્રવાસ દરમ્યાન કોઈપણ ગુન્હાહીત કૃત્ય કરવું નહિ.

આ સિવાયની જામીન અરજીમાં કરેલ અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે અને આરોપીએ તેનું ચુસ્તપણે પાલન કરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૨૩ /૦૭ /૨૦૧૮.

( કિર્તી જયંતીલાલ દરજી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ
(GJ-00461)